PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/ક્વા-૦૪/૨૦૨૩-૨૪/ ૪૪૧-૪ તારીખ : ૨૦ - ૦૨ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી મયુરભાઈ ચંદ્રભાઈ હુંબલ
મુરલીધર ફાર્મ, નવા રેસકોર્ષ સામે, નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ, એસ.આર.પી. કેમ્પની આગળ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૬
મોબાઈલ : ૮૨૦૦૫૭૪૯૭૦

**વિષય :** બિન-ખેતીવાડી જમીનમાં રહેણાંક હેતુનું કનેકશન મેળવવા અંગે.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૮/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રોણકી રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૮/ક્વા-૪/૨૩-૨૪/૫૫૧-૫ તા. ૨૦-૦૨-૨૫

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૦૮/ક્વા-૪/૨૩-૨૪, તા.૨૯-૦૧-૨૦૨૪

અરજદાર : શ્રી મયુરભાઈ ચંદુભાઈ હુંબલ, ગામ. રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારશ્રી મયુરભાઈ ચંદુભાઈ હુંબલ

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી, કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ

## :: કોરમ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| ૧) | ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) | સભ્ય (ટેકનીકલ) | - શ્રી પી.જે.મહેતા |
| ૩) | સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૮.૦૨.૨૦૨૪ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૮.૦૨.૨૦૨૪ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી મયુરભાઈ ચંદુભાઈ હુંબલ ગામ ઈશ્વરીયા ખાતે રે.સ.નં.૨૦૯/૨ ની બિન-ખેડવાણ જગ્યામાં પંચવટી પાર્ક-B ખાતે પ્લોટ નં.૧૦૧થી ૧૦૬ અને ૧૦૮ થી ૧૧૯ ની જગ્યા વેચાણ દસ્તાવેજ નં:૨૬૮૭ તા.૧૭.૦૮.૨૦૨૩ થી ખરીદ કરેલ છે.

૨.૧ અરજદાર દ્વારા પ્લોટ નં.૧૦૧ થી ૧૦૩ અને ૧૧૮-૧૯ એમ કુલ ૦૫(પાંચ) પ્લોટનું એકત્રીકરણ કરી બાંધકામ પરવાનગી મેળવેલ છે સદર જગ્યા રોણકી પેટાવિભાગીય કચેરી હેઠળ આવે છે.

૨.૨ સદર જગ્યામાં નવું રહેણાંક હેતુ માટેનું વીજજોડાણ મેળવવા SR No. 16939029 **થી ઓનલાઈન અરજી** કરી તા.૧૯.૧૨.૨૩ ના રોજ ઓનલાઈન એસ્ટીમેટ પણ ભરપાઈ કરેલ છે, તેમજ સંલગ્ન કચેરી દ્વારા માંગવામાં આવેલ જરૂરી ડોક્યુમેન્ટ કચેરીએ રજુ કરેલ છે તેમ છતાં કનેકશન આપવાની પીજીવીસીએલ દ્વારા કરેલ નથી, તેમજ સદર જગ્યાએ નિયમોનુસાર ફિક્સચાર્જ વસુલ કરી નવું કનેકશન આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ **અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા લેખિત પત્ર નં – ૧૪૨૪ તા.૦૫-૦૨-૨૦૨૪ મુજબ અરજદારશ્રી** મયુરભાઈ ચંદુભાઈ હુંબલ દ્વારા તા.૧૯-૦૫-૨૦૨૩ ના રોજ રોણકી પેટાવિભાગીય કચેરી હેઠળ ઘરવપરાશ હેતુનું વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ છે, જેના SR No.16939029 નોંધાયેલ છે.

૩.૧ ઉપરોક્ત અરજી અન્વયે રોણકી પેટાવિભાગીય કચેરી દ્વારા સર્વે કરતા માંગણી મુજબનું વીજજોડાણ ગામતળ બહાર વાડી વિસ્તાર વચ્ચે હોય, અરજદાર પાસે તલાટી મંત્રી શ્રીનો દાખલો તેમજ સોસાયટી લે આઉટ પ્લાન લેખિત પત્ર નં-૯૦૪૪ તા.૨૮-૧૨-૨૦૨૩ થી માંગવામાં આવેલ છે, પરંતુ અરજદાર દ્વારા સદર બાબતે કોઈ પ્રત્યુતર આપવામાં આવેલ ન હોય, અરજદારની નવા વીજજોડાણની આગળની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ **અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.**

૪.૧ **ફરિયાદ અરજદારશ્રી** મયુરભાઈ ચંદુભાઈ હુંબલની ગામ ઈશ્વરીયા ખાતે રે.સ.નં.૨૦૯/૨ ની બિન-ખેડવાણ જગ્યામાં પંચવટી પાર્ક-B ખાતે પ્લોટ નં.૧૦૧થી ૧૦૬ અને ૧૦૮ થી ૧૧૯ ની જગ્યા વેચાણ દસ્તાવેજ નં:૨૬૮૭ તા.૧૭.૦૮.૨૦૨૩ થી ખરીદ કરેલ છે. અરજદાર દ્વારા પ્લોટ નં.૧૦૧ થી ૧૦૩ અને ૧૧૮-૧૯ એમ કુલ ૦૫(પાંચ) પ્લોટનું એકત્રીકરણ કરી બાંધકામ પરવાનગી મેળવેલ છે. સદર જગ્યામાં નવું રહેણાંક હેતુ માટેનું વીજજોડાણ મેળવવા SR No. 16939029 **થી ઓનલાઈન અરજી** કરી તા.૧૯.૧૨.૨૩ ના રોજ ઓનલાઈન એસ્ટીમેટ પણ ભરપાઈ કરેલ છે, તેમજ સંલગ્ન રોણકી પેટાવિભાગીય કચેરી દ્વારા માંગવામાં આવેલ જરૂરી ડોક્યુમેન્ટ કચેરીએ રજુ કરેલ છે તેમ છતાં કનેકશન આપવાની પીજીવીસીએલ દ્વારા કરેલ નથી, તેમજ સદર જગ્યાએ નિયમોનુસાર ફિક્સચાર્જ વસુલ કરી નવું કનેકશન આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ **અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત મુજબ અરજદારની નવા ઘરવપરાશ વીજજોડાણના વીજજોડાણની અરજી** અન્વયે રોણકી પેટાવિભાગીય કચેરી દ્વારા સર્વે કરતા માંગણી મુજબનું વીજજોડાણ ગામતળ બહાર વાડી વિસ્તાર વચ્ચે હોય, અરજદાર પાસે તલાટી મંત્રી શ્રીનો દાખલો તેમજ સોસાયટી લે આઉટ પ્લાન લેખિત પત્ર નં-૯૦૪૪ તા.૨૮-૧૨-૨૦૨૩ થી માંગવામાં આવેલ છે, પરંતુ અરજદાર દ્વારા સદર બાબતે કોઈ પ્રત્યુતર આપવામાં આવેલ નથી.

૪.૩ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદારની રજૂઆત મુદ્દા નં ૨.૧ અને ૨.૧ મુજબની વિગતે જે જગ્યામાં નવું વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ છે, જે અન્વયે જરૂરી ખૂટતા ડોક્યુમેન્ટ રોણકી પેટાવિભાગીય કચેરીમાં રજુ કરેલ છે. પરંતુ સદર બાબતે અરજદાર દ્વારા કોઈ આધાર-પુરાવા રજુ કરેલ નથી. વધુમાં અરજદારની રજૂઆત મુજબ ફીક્ષ ચાર્જ વસુલી વીજજોડાણ આપવા જણાવેલ છે, પરંતુ સદર ખૂટતા ડોકયુમેન્ટ અરજદાર દ્વારા રજુ થયેથી વસુલવા પાત્ર ચાર્જ નક્કી થઇ શકે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ અન્વયે અરજદાર દ્વારા જરૂરી ખૂટતા ડોક્યુમેન્ટ રજુ થયેથી નિયમાનુસાર વીજજોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot